| GJBK210002632023 | | કેસ રજુ તારીખ | ૧૭ / ૦૨ /૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | કેસ દાખલ તારીખ | ૧૭ / ૦૨ /૨૦૨૬ | | |
| | | ફેસલ તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૪ | ૨૯ |

સત્યमेव जयते

**આંક–**

**ફોર્મ–એ**

| **મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–લાખણી** | |
|---|---|
| **ચુકાદાની તારીખ :– ૧૬/૦૭ /૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.:–૨૧૪ /૨૦૨૩**<br>**આગથળા પો.સ્ટે.પાર્ટ સી ગુ.ર.નં.૦૭૦૧ /૨૦૨૫**<br>**ગુન્હો :– પ્રોહી એક્ટ કલમ ૬૫– એએ, ૧૧૬(બી) મુજબ** | |
| **ફરીયાદી :–** | **શ્રી સરકાર** |
| **રજુ મારફતે :–** | વિ.એ.પી.પી.શ્રી વી.એ.જોષી |
| **આરોપી :–** | **૧. ચેલાભાઈ ચોથા ભાઈ રબારી**<br>**રહે. લાખણી , લાખણી**<br>**જી.બનાસકાંઠા.** |
| **રજુ મારફતે :–** | વિ.વ.શ્રી, જે. બી. વારડે |

**ફોર્મ–બી**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૨૯ – ૧૨ –૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૨૯ – ૧૨ –૨૦૨૫ |

| | | |
|---|---|---|
| આખરી અહેવાલની તારીખ | : | ૧૬/૦૧/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | : | ૧૭/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૧૬/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૧૬/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | -- |

**<u>આરોપીની વિગત :-</u>**

| ક્રમાક નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં. ની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ચેલાભાઈ ચોથાભાઈ રબારી | ૧૪/૨/૨૩ | ૦૫/૦૧/૨૦૨૫ | પ્રોહી એક્ટ કલમ ૬૫ એ એ , ૧૧૬ બી મુજબ | નિર્દોષ | નિર્દોષ | -- |

## <u>ફોર્મ-સી</u>

**<u>ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા તપાસવામાં આવેલ સાક્ષીની યાદી</u>**

**<u>(એ) ફરીયાદ પક્ષ :-</u>**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| .૧ | ૦૬ | સાહેદ પ્રકાશભાઈ ગેમરાજી ઠાકોર ની જુબાની | પંચ |
| .૨ | ૦૮ | સાહેદ રમેશભાઈ લાધાભાઇ ની જુબાની | ફરિયાદી |

**<u>(બી) બચાવ પક્ષે સાક્ષી, જો હોય તો :-</u>**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| – | –– | –– |

(સી) અદાલત દ્વારા સાક્ષી, જો હોય તો :–

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત દ્વારા આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :–

(એ) ફરીયાદ પક્ષ :–

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરીયાદ |
| ૨ | ૦૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

(બી) બચાવ પક્ષ :–

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

(સી) અદાલત દ્વારા :–

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

(ડી) મટીરીયલ ઓબ્જેકટસ :–

| અનુ. નં. | મટીરીયલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| – | –– | –– |

–: ઠ રા વ :–

<u>કેસની હકીકત</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ પોતાના કબ્જા ભોગવટા માં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમિટે ભારતીય બનાવટ ની વિદેશી દારૂ ની કંપની સીલબંધ બોટલો નંગ–૧૩ કિં.રૂ.૩૯૮૧/– રાખી પ્રોહી એક્ટ કલમ ૬૫–એએ ૧૧૬ (બી) મુજબનો ગુનો કર્યાની ફરિયાદીની ફરિયાદ અન્વયે તપાસ કરનાર અધિકારી એ તપાસના અંતે આરોપી વિરુદ્ધ હાલના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

<u>તહોમતનામું અને આરોપીની પ્લી</u>

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં તેઓ અદાલતમાં હાજર રહેતાં વિનામુલ્યે પોલીસ તપાસના કાગળો મળ્યાની ખાત્રી કર્યા બાદ તેઓ સામેના ગુના અંગે સમજ આપી આંક– ૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીની પ્લી આંક– ૫ થી રેકર્ડ કરતાં જેમાં આરોપીએ આક્ષેપિત ગુનાના તહોમતનામા નો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતાં, આરોપી સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

<u>આરોપીનું વિશેષ નિવેદન</u>

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો આપવો ન હોઈ પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપી ઓ નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓ એ પોતે નિર્દોષ હોવાનુ જણાવી સોગંદ ઉપર જુબાની આપવા

માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમ જણાવેલ છે.

**<u>ફરિયાદપક્ષ અને બચાવ પક્ષ ની દલીલ</u>**

(૪) ફરીયાદપક્ષ–શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, ફરિયાદી એ ફરિયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. જેથી આરોપીના કબજામાં થી મુદ્દામાલ દારૂ મળી આવ્યાની હકીકત પુરવાર થાય છે. આમ ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ નો કેસ પુરવાર કરેલ હોય આરોપીને યોગ્ય તે સજા કરવા દલીલ કરેલ છે. આરોપીના વી.વ.શ્રી. એ દલીલ કરેલ છે કે ગુનાના કામે પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને ફરિયાદપક્ષ ના કેસને સમર્થન કરતાં નથી અને આરોપીના કબજા માથી મુદ્દામાલ દારૂ મળી આવ્યાની હકીકત પુરવાર થતી ના હોય આરોપીને નિર્દોષ છોડી મૂકવા દલીલ કરેલ છે.

(૫) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી એ પોતાના કબ્જા ભોગવટા માં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમિટે ભારતીય બનાવટ ની વિદેશી દારૂ ની કંપની સીલબંધ બોટલો નંગ–૧૩ કિં.રૂ.૩૯૮૧/– રાખી પ્રોહી એક્ટ કલમ ૬૫–એએ, ૧૧૬ (બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણય નીચે મુજબ છે :–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>–: નિ ર્ણ ય નાં કા ર ણો :–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

(૭) આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકનને લગતી મહત્વની બાબતની ચર્ચા કરવી અત્રે જરૂરી બને છે. ભારતીય ન્યાયતંત્રમાં પુરાવાના મુલ્યાંકન માટે કાયદા ધ્વારા પ્રસ્થાપિત કોઈ સર્વ સામાન્ય નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં જણાવેલ સાબિત, ના સાબિત તથા બિન સાબિત ની વ્યાખ્યા પર આધારીત છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અને કલમ– ૧૦૨ સાબિતીનો બોજો અને સાબિતીનો બોજો કોના ઉપર છે, તે બાબત પર પ્રકાશ પાડે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ, ''સાબિતીનો બોજો જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ હક અથવા જવાબદારી વિષે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.'' ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૨ મુજબ ''બેમાંથી કોઈ પક્ષકાર તરફથી પુરાવો આપવામા ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે.'' સદર જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદ પક્ષે પોતાની હકીકતો

શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે, જયારે આરોપીએ પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરોકત મુજબના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષ નો પુરાવો</u>**

(૮) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક-૦૬ થી પંચ સાહેદ પ્રકાશભાઈ ગેમરાજી ઠાકોર ને તપાસેલ છે. પંચ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે આશરે ૪ માસ અગાઉ તેઓ રસ્તે ઊભા હતા ત્યારે પોલીસે તેમની કોળા કાગળમાં સહી કરાવેલ તે સિવાય બીજી કઈ હકીકત જાણતા નથી. પંચનામાં માં તેમની સહી ઓળખી બતાવે છે. પંચ સાહેદને વી.એ.પી.પી.શ્રી.ની વિનંતી થી હોસટાઇલ જાહેર કરી ઊલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષ ના કેસને સમર્થન કરતાં નથી. સાહેદ બચાવપક્ષ ની ઊલટ તપાસમાં સ્વીકાર કે છે કે તૈયાર કાગળમાં સહી કરેલી તે સિવાય બીજી હકીકત જાણતા નથી.

(૯). ફરિયાદપક્ષે આંક-૦૮ થી ફરિયાદી રમેશભાઈ લાધાભાઈને તપાસેલ છે. ફરિયાદી તેમના પુરાવામાં જણાવે છે કે તા. ૨૯/૧૨/૨૫ ના રોજ આગથળા પ.સ્ટે.માં ફરજ બજાવતા હતા અને દરમ્યાન તેઓ તથા વિષ્ણુજી સામતાજી, અશોકભાઇ દાનાભાઇ, પ્રકાશભાઈ લાધાભાઇ

આગથળા પો.સ્ટે. વિસ્તારનાગામડામાં પ્રોહી પેટ્રોલિંગમા હતા દરમ્યાન ફરતા ફરતા લાખણી ગામે હિંગળાજ માતાના મંદિરે આવતા ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે હિંગળાજ માતાન મંદિરના પાછળના ભાગે રહેતા ચેલાભાઈ ચોથાભાઈ પોતાના ઘરે ગેર કાયદેસરર રીતે વિદેશી દારૂનું વેચાણ કરે છે. જે આધારે બે પંચોના માણસો બોલાવી હકીકત વાળી જગ્યાએ ચેલાભાઈ ચોથાભાઈ રબારી ના ઘર ની ઝડતી તપાસ કરતાં ભારતીય બનાવટ ની વિદેશી દારૂ ની ઓફિસર ચોઈસ તથા મેજિક મુમેન્ટ બ્રાન્ડ ની સીલબંધ બોટલ નંગ-૧૩ કિં.રૂ.૩૯૮૧ નો મળી આવેલ અને આ અંગેનું પંચનામું સાથેના અ.હે.કો.એ કલાક ૧૬/૦૦ થી ૧૬/૩૦ સુધીનું કરી લીધેલ. બનાવ અંગે તેઓએ ફરિયાદ આપેલ. ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે. પી.એસ.ઓ એ ગુનો રજીસ્ટર કર્યા બાદ તપાસ સારું ભરતભાઈ કેશાભાઈ ને સોંપેલ જેઓએ તપાસના અંતે આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરેલું. ફરિયાદી તેમની ઊલટ તપાસમાં સ્વીકાર કરે છે કે આરોપીની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ નથી. ફરિયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. આરોપીના રહેણાકના મકાન ની આજુબાજુ બીજા મકાન આવેલા છે અને માણસોની અવાર જવર ચાલુ હોય છે.

(૧૦). આ કામે ફરિયાદપક્ષ ના પુરાવા નું સર્વાંગી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, પંચ સાહેદો પંચનામાં ની હકીકતો ને સમર્થન કરતાં નથી અને આરોપી ના સભાન કબજામાં થી મુદામાલ મળી આવેલ હોવાની હકીકત ને સમર્થન મળતું નથી. આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી પોલીસ

સાહેદ છે અને તેઓએ તેમની ફરજ ના ભાગ રૂપે કરેલ કાર્યવાહી અને પોલીસ તપાસ ને અનુરૂપ પુરાવો આપેલ છે અને તેમના પુરાવામાં જણાવે છે કે આરોપીની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી. ક્રિમિનલ લો નો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષે નિઃશંકપણે કેસ પુરવાર કરવો પડે અને શંકાનો લાભ આરોપી ને મળવો જોઈએ. આમ રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાથી ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતાં મુદ્દા નંબર ૧. નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર ૨. સબબ ન્યાય ના વિશાળ હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧). આ કામ ના આરોપી ને શંકા નો લાભ આપી પ્રોહી એક્ટ કલમ **૬૫–એએ, ૧૧૬–બી** મુજબ ના ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આરોપીના જામીન ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭(એ) અન્વયે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). પ્રોહી મુદ્દામાલનો અપીલ સમયબાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લિ આદાલતમાં વાંચી સંભળાવો જાહેર કર્યો

સ્થળ : લાખણી. (જે.ડી.ત્રીવેદી)

તારીખ: ૧૬/૦૭/૨૦૨૬ જ્યુડી.મેજી.ફ.ક,લાખણી

કોડ નં.જી.જે.૧૦૬૩